નોટીસ

બી.એડ્. પ્રવેશ અંગેની નોટીસ વર્ષ – ૨૦૧૮ – ૨૦

નામદાર ગુજરાત હાઈકોર્ટના વચગાળાના હુકમને આધારે માં આશાપુરા કોલેજ ઓફ એજ્યુકેશન, ભુજ – કચ્છ માં વિદ્યાર્થીઓની સંખ્યા ફાળવવાનો હુકમ થયો હોવાથી આ કોલેજની પ્રવેશ કાર્યવાહી થશે. હાઈકોર્ટ / NCTE નો આખરી નિર્ણય જે આવશે તે વિદ્યાર્થીનીઓને બંધનકર્તા રહેશે. SEBC/SC/ST કેટેગરીની માત્ર મહિલા ઉમેદવારો તા. ૨૦/૦૮/૨૦૧૮ થી તા.૨૧/૦૮/૨૦૧૮ સુધીમાં કચ્છ યુનિવર્સિટી કાર્યલય રૂમ નં. ૧૧૪ (વિદ્યાર્થીશાખા) માંથી સમય ૧૧ થી ૨ અને ૨:૪૫ થી ૩:૩૦ વાગ્યા સુધી ફોર્મ લઈ તથા જમા કરાવી શકાશે ફોર્મ ભરવા માટે સ્નાતક અથવા અનુસ્નાતક કક્ષાએ ૪૫% હોવા જરૂરી છે. ઉપરોકત કોલેજ મહિલા કોલેજ હોવાથી માત્ર મહિલા ઉમેદવારો એ જ ફોર્મ ભરવા.

બી.એડ.ના તમામ વિદ્યાર્થીનીઓને જણાવવાનું કે, પાંચમો રાઉન્ડ માત્ર ઉપરોકત કોલેજ માટે જ કરવામાં આવશે. જે વિદ્યાર્થીનીઓ માં આશાપુરા કોલેજ ઓફ એજ્યુકેશનમાં પ્રવેશ મેળવવા ઈચ્છીત હોય તો તે વિદ્યાર્થીનીઓ **તા.૨૪/૮/૨૦૧૮ ના સવારે ૧૦:૦૦ કલાકે હાજર રહેવું પાંચમા રાઉન્ડની પ્રવેશ કાર્યવાહી કચ્છ યુનિવર્સિટી લાયબ્રેરી ખાતે કરવામાં આવશે.** જે વિદ્યાર્થીનીઓએ ચાર રાઉન્ડમાં કોઈ કોલેજમાં એડમિશન લઈ લીધેલ છે, તેવી વિદ્યાર્થીનીઓને આ કોલેજમાં પ્રવેશ આપવામાં આવશે નહીં. પ્રવેશ કાર્યવાહી સંપૂર્ણ મેરીટના આધારે કરવામાં આવશે. જે વિદ્યાર્થીનીઓએ ચાર રાઉન્ડમાં કોઈ કોલેજમાં એડમિશન લઈ લીધેલ છે, તેવી વિદ્યાર્થીનીઓને આ કોલેજમાં પ્રવેશ આપવામાં આવશે નહીં. પ્રવેશ કાર્યવાહી સંપૂર્ણ મેરીટના આધારે કરવામાં આવશે. પ્રવેશ સમયે હાજર ન રહેનાર પોતાનો પ્રવેશનો હકક ગુમાવશે. જો પ્રવેશ સમયે અનામત કેટેગરીના વિદ્યાર્થીઓ ઉપલબ્ધ નહીં હોય તો તે જગ્યાઓ સરકારશ્રીના નિયમ પ્રમાણે અન્ય કેટેગરીમાં તબ્દીલ કરી દેવામાં આવશે.

સુચનાઓ:–

(૧) પ્રવેશ માટે આવનારા ઉમેદવારોને પ્રવેશ મળવાની માત્ર સંભાવના છે. પ્રવેશ મળશે જ એમ માનવું નહિં કારણ કે કુલ બેઠકો કરતા કેટલાક ગણા વધુ ઉમેદવારોને બોલાવામાં આવેલ છે. એટલે પ્રવેશ ન મળે તો તે અંગે કોઈ મૌખિક/લેખિત ફરિયાદ સાંભળવામાં આવશે નહિ.

(૨) પ્રવેશ મળ્યા બાદ પ્રવેશ કોઈપણ સંજોગોમાં રદ થઈ શકશે નહી. તેમજ અન્યત્ર તબદીલ પણ થઈ શકશે નહી, તેથી સંસ્થા અંગે ખુબ વિચારીને ઉપલબ્ધ જગ્યાઓના આધારે અંતિમ નિર્ણય લેવો.

(૩) પ્રવેશ સમયે ધોરણ – ૧૨ થી અનુસ્નાતક કક્ષા સુધીના તમામ મુળ ગુણ પત્રકો, મુળ શાળા છોડયાનું પ્રમાણપત્ર તથા પછાત વર્ગના હોવાનાં મુળ પ્રમાણપત્રો ફરજિયાત લાવવાના રહેશે. અન્યથા પ્રવેશ મળશે નહિ.

(૪) SEBC ના ઉમેદવારોને પ્રવેશ સમયે ક્રિમીલેયર (ઉન્નતવર્ગ) માં નથી આવતા તે મતલબનું તા.૧/૪/૨૦૧૬ પછીનું અદ્યતન પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. અન્યથા તેમનો પ્રવેશ રદ થવાને પાત્ર રહેશે. તેની જવાબદારી યુનિવર્સિટીની રહેશે નહિ.

(૫) પ્રવેશ મેળવવા માટે ઉમેદવારોએ સમયસર સ્વખર્ચે અચુક હાજર રહેવું અને સાથે પોતાનું ઓળખકાર્ડ અચુક રાખવું. પ્રવેશ કાર્યવાહી વેળા ઉપસ્થિત ન હોય તેવા કોઈ પ્રવેશાર્થીની પ્રવેશ સબંધી કોઈ રજુઆત ગ્રાહય રાખવામાં આવશે નહિ.

(૬) અનામત કેટેગરીના વિદ્યાર્થી કે જે જનરલ કેટેગરીમાં દર્શાવેલ મેરીટ કરતા વધુ મેરીટ ધરાવતા હોય તો તેઓએ પણ અવશ્ય હાજર રહેવું.

(૭) અધર યુનિવર્સિટીના જે વિદ્યાર્થીઓએ B.Ed. ના પ્રવેશ ફોર્મમા આ યુનિવર્સિટીનું એલીજીબીલીટી સર્ટીફિકેટ જોડેલ ન હોય તેમના પ્રવેશ ફોર્મ નિયમાનુસાર સ્વીકારવામાં આવેલ નથી.

(૮) વિદ્યાર્થીએ પ્રવેશ મેળવવા ઉપરોકત વિગતે દર્શાવેલ પ્રથમ સત્રની ફી રોકડમાં જમા કરાવવાની રહેશે, જે વિદ્યાર્થીઓ ફી જમા નહિ કરાવે તેમને એડમિશન મળશે નહી.

(૯) ઉપરોકત તારીખોએ વિદ્યાર્થી પોતાનુ મેરીટ લીસ્ટ યુનિવર્સિટીના નોટીસબોર્ડ પરથી જોઈ શકશે.

(૧૦) રીસફલીગ કરવામાં આવશે નહી.

(૧૧) આશાપુરા કોલેજ માત્ર મહિલાઓ માટે છે પરંતુ વેબસાઈટ પર મુકાયેલ મેરીટ યાદી જનરલ મેરીટ યાદી હોવાથી તેમાં ભાઈઓના નામ પણ સમાવિષ્ટ છે પરંતું પ્રવેશ સમયે માત્ર બહેનોએ જ ઉપસ્થિત રહેવું.

(૧૨) પ્રથમ , દ્વિતીય ,તૃતિય અને ચોથા મેરીટની પ્રવેશ કાર્યવાહીમાં જે વિદ્યાર્થીઓને પ્રવેશ મળેલ ન હોય અને પાંચમા રાઉન્ડની જાહેર થયેલ મેરીટ યાદી મા જો કોઈ વિદ્યાર્થીનું નામ ન હોય તો તેવા વિદ્યાર્થીઓને તા. ૨૪/૦૮/૨૦૧૮ ના રોજ સવારે ૯:૩૦ કલાકે રૂમ નં. ૧૧૪ (વિદ્યાર્થી શાખા), કચ્છ યુનિવર્સિટીનો સંપર્ક કરવો.

A.P. Mehta

તા. ૧૮/૦૮/૨૦૧૮

ઈ.ચા.કુલસચિવ